આણંદ મનપામાં લોકશાહીનું હનન ? | ચર્ચા વગર માત્ર ૨ મિનિટમાં રૂ. ૧૦૦ કરોડથી વધુના ૩૯ કામો મંજૂર

આણંદ મનપાની સભામાં વિપક્ષના કાળા વસ્ત્રો સાથે આકરા પ્રહારો

મેયરની ગેરહાજરીમાં ડેપ્યુટી મેયરના અધ્યક્ષસ્થાને સભા આટોપી લેવાઇ

(પ્રતિનિધિ) આણંદ તા.૬

કરમસદ - આણંદ મનપામાં ભાજપ શાસન હેઠળ સામાન્ય સભામાં એજન્ડા પર કોઈ પણ પ્રકારની ચર્ચા કર્યા વિના ગણતરીની મિનિટોમાં સભા આટોપી લેવાની પરંપરા યથાવત જોવા મળી છે. મનપા સભાખંડમાં વિપક્ષ કોંગ્રેસે કાળા વસ્ત્રો ધારણ કરી બે વર્ષના ભ્રષ્ટાચારનો હિસાબ માંગતા બેનરો સાથે ભારે વિરોધ નોંધાવ્યો હતો, છતાં ભાજપે બહુમતીના જોરે માત્ર 2 મિનિટમાં રૂ. 100 કરોડથી વધુના 39 વિકાસ કામો ચર્ચા વગર મંજૂર કરી દીધા હતા.

કરમસદ - આણંદ મનપાની સામાન્ય સભા મેયર દિપીકાબેન પટેલની ગેરહાજરીમાં ડેપ્યુટી મેયર કમલેશ ડાભીના અધ્યક્ષ સ્થાને અને કમિશનર આર.એન. ડોડીયાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ સભાની શરૂઆત વંદે માતરમ્ રાષ્ટ્રગાનથી થયા બાદ કમિશનરે એજન્ડાના કામો વાંચવાની શરૂઆત કરી હતી. જોકે, ભાજપના કોર્પોરેટરોએ બહુમતીના બળે 'મંજૂર, મંજૂર'ના નારા લગાવી ઉભા થઈ જઈને માત્ર બે જ મિનિટમાં સભા પૂર્ણ કરી દીધી હતી. આ દરમિયાન કાળા વસ્ત્રો પહેરીને આવેલા કોંગ્રેસના કોર્પોરેટરોએ '2 વર્ષનો હિસાબ આપો'ના નારા લગાવ્યા હતા, જેને ભાજપના સભ્યો મજાક ગણાવતા જોવા મળ્યા હતા. જોકે, કોંગ્રેસના વિપક્ષી કોર્પોરેટરો સલીમ દિવાન, એરીકા મેકવાન અને ડો. જાવેદ વ્હોરા સહિતના સભ્યોએ 39 પૈકી 16 કામો પર લેખિતમાં વિરોધ વ્યક્ત કર્યો હતો.

વિપક્ષે 'હિટલરશાહી' સામે હાઈકોર્ટમાં જવાની ચીમકી આપી



આ અંગે કોંગ્રેસના કોર્પોરેટર ડો. જાવેદ વ્હોરાએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ભાજપ શાસનમાં કરોડો રૂપિયાના વિકાસના કામો ચર્ચા કર્યા વગર મંજૂર કરાય છે, પરંતુ તેનો કોઈ હિસાબ અપાતો નથી. તેમણે કૃત્રિમ તળાવ, એલઈડી, સ્વિમિંગ પૂલ તેમજ બિલ્ડરોને જમીન વેચી મારવાના કૌભાંડો આચર્યા હોવાના ગંભીર આક્ષેપો કર્યા હતા. સાથોસાથ કોર્પોરેટરોને આરટીઆઈમાં પણ માહિતી ન અપાતી હોવાનું જણાવી સત્તાના જોરે વિપક્ષનો અવાજ દબાવવામાં આવતો હોવાનો આરોપ મૂકી મનપાના આ 'હિટલરશાહી શાસન' સામે હાઈકોર્ટમાં જવાની ચીમકી આપી હતી.

પૂર્વ વિસ્તારમાં ૨૦ હજાર લોકોની હાલાકી અણદેખાડી

વિપક્ષના સભ્યોએ આક્ષેપ કર્યો હતો કે, ભાજપના કોર્પોરેટરોને સ્વિમિંગ પૂલનું કામ પૂર્ણ કરવાની ઉતાવળ છે, પરંતુ ચોમાસામાં પૂર્વ વિસ્તારની સોસાયટીઓ સ્વિમિંગ પૂલમાં ફેરવાઈ જાય છે અને 20 હજારથી વધુ નાગરિકો હાલાકી ભોગવે છે તે અંગે કોઈ કામ એજન્ડામાં મુકાયું નહોતું. આ ઉપરાંત ટીપી 1, 2 અને 3 માં નવી પાણીની લાઈનો નંખાય છે, પરંતુ રેવન્યુ વિસ્તારમાં 40 વર્ષ જૂની પાઈપલાઈનો વારંવાર લીકેજ થતાં દૂષિત પાણી આવે છે, જેને બદલવાનું કામ મુકવા રજૂઆત કરાઈ હતી.





ચર્ચા વગર મંજૂર કરાયેલા કામો

ફ્લાયઓવર બ્રિજ: એપીસી સર્કલ પાસે રૂ. 33 કરોડના ખર્ચે ફ્લાયઓવરનું નિર્માણ.
મિલકત રીનોવેશન: મનપા હસ્તકની મિલકતોના રીનોવેશન પાછળ રૂ. 20 કરોડ.
આધુનિક લાઈબ્રેરી: રૂ. 6 કરોડના ખર્ચે અદ્યતન લાઈબ્રેરીનું નિર્માણ.
ડ્રેનેજ લાઈન: તાશ્કંદ પેટ્રોલ પંપથી વ્યાયામશાળા સુધી રૂ. 1.50 કરોડના ખર્ચે ડ્રેનેજ લાઈન.
માર્ગ સમારકામ: શહેરના માર્ગોના સમારકામ પાછળ રૂ. 1.50 કરોડ.
વરસાદી પાઈપલાઈન: ચાવડાપુરા જીટોડીયા વિસ્તારમાં રૂ. 1.13 કરોડના ખર્ચે વરસાદી પાણીના નિકાલ માટે નવી પાઈપલાઈન.
સીસીટીવી કેમેરા: નેહરૂ બાગ તથા કરમસદ ઉદ્યાન ખાતે રૂ. 41.50 લાખના ખર્ચે સીસીટીવી.

વિપક્ષના ૧૬ કામો સામે લેખિત વિરોધના મુખ્ય મુદ્દા

આઉટસોર્સિંગ ભરતી : રૂ. 2.78 કરોડની ગ્રાન્ટ ખાનગી એજન્સીને સોંપવાને બદલે કર્મચારીઓને મસ્ટર રોલ પર નિમણૂંક કરવા માગ.
નાણાંનો વ્યય: રૂ. 12 લાખ ઉપરાંતના ખર્ચે નિર્માણ કરાયેલા કૃત્રિમ કુંડ પાછળ નાણાંનો વ્યય થયો હોવાનો વિરોધ.
સોસાયટીઓમાં પક્ષપાત: માત્ર 10 વર્ષ જૂની સોસાયટીઓને જ સુવિધા આપવાના આયોજન સામે નવી-જૂની તમામ સોસાયટીઓને આવરી લેવા રજૂઆત.
અન્ય વાંધા: માર્ગ નિર્માણ/નવીનીકરણ ખર્ચ પર સંદેહ, જૂના વાહનોની હરાજી અને છેલ્લા 2 વર્ષના કામોની વિગતો ન આપવા સામે વિરોધ નોંધાવાયો.

બાલાસિનોરમાં મિત્રે જ ૧.૨૫ લાખની ઠગાઈ કરી

(પ્રતિનિધિ) બાલાસિનોર તા.૬

બાલાસિનોરીમાં રહેતા અને કન્સ્ટ્રક્શન સાઈટ સુપરવાઈઝરનું કામ કરતા વિશાલકુમાર નારણભાઈ સુથાર સાથે ૧.૨૫ લાખની છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. વિશાલના દશેક વર્ષ જૂના મિત્ર ચન્દ્રસિંહ મહેન્દ્રસિંહ બારડ (મૂળ ગંગવા-દાંતા, હાલ પેથાપુર-ગાંધીનગર) એ ચેન્નાઈથી સીધી શો-રૂમ ગાડી બજાર ભાવ કરતાં સસ્તી અપાવવાનો ભરોસો આપ્યો હતો. ગાડીના બુકિંગ, આરટીઓ અને વીમાના ખર્ચ પેટે અલગ-અલગ તારીખે કુલ ૧,૨૫,૦૦૦ ટ્રાન્સફર કરાવી લીધા હતા. જોકે, નાણાં ટ્રાન્સફર કર્યા બાદ લાંબો સમય વીતવા છતાં ગાડી મળી નહોતી. આ અંગે ચન્દ્રસિંહ તેમજ તેના સાથીદાર કૃણાલ પ્રવિણભાઈ પટેલ બાલાસિનોર પોલીસ મથકે ફરિયાદ આપી હતી.

નડિયાદના મિશન બ્રિજ પર ભારે વાહનો માટે પ્રવેશબંધી

શહેરનો 42 વર્ષ જૂનો બ્રિજ જોખમી બનતાં 3જી માર્ચ સુધી જાહેરનામું અમલમાં રહેશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

નડિયાદ શહેરના મધ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગ 64 પર આવેલો આશરે 42 વર્ષ જૂનો મિશન બ્રિજ જોખમી બનતાં નાગરિકોની સલામતી અર્થે વહીવટી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગની દરખાસ્ત અને પોલીસ અધિક્ષકના અભિપ્રાય બાદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ બ્રિજ પર 35 ટનથી વધુ વજન ધરાવતા ભારે વાહનો માટે 1લી ઓક્ટોબરથી 3જી માર્ચ 2027 સુધી પ્રતિબંધ લંબાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નડિયાદ સરદાર ભવન સર્કલથી મિશન રોડ રેલવે ઓવર બ્રિજ થઈ ડભાણ ચોકડી (જૂના નેશનલ હાઈવે 8) તરફ જતો માર્ગ 35 ટનથી વધુ વજનના વાહનો માટે બંધ રહેશે. જ્યારે ડભાણ ચોકડીથી મિશન રોડ રેલવે ઓવર બ્રિજ થઈ સરદાર ભવન સર્કલ તરફ આવતો માર્ગ પણ ભારે વાહનો માટે સંપૂર્ણપણે બંધ રહેશે.

જોકે, વૈકલ્પિક વ્યવસ્થામાં વાહનો સરદાર ભવન સર્કલથી મિલ રોડ ત્રણ રસ્તા, કપડવંજ રોડ, સંતઅન્ના ચોકડી, એસઆરપી કેમ્પ, બિલોદરા ગણેશ ચોકડીથી ડાબી બાજુ વળી મંજીપુરા ચોકડી અને કમળા ચોકડી થઈ ડભાણ ચોકડી તરફ જઈ શકશે.

આ ઉપરાંત ડભાણ ચોકડીથી કમળા ચોકડી, મંજીપુરા ચોકડી, બિલોદરા ગણેશ ચોકડીથી જમણી બાજુ વળી એસઆરપી કેમ્પ, સંતઅન્ના ચોકડી, મિલ રોડ ત્રણ રસ્તા થઈ સરદાર ભવન સર્કલ તરફ જઈ શકશે. આ જાહેરનામાના હુકમનો ભંગ કરનાર સામે ગુજરાત પોલીસ અધિનિયમ 1951ની કલમ 131 મુજબ કાયદેસરની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

સિવિલ કોર્ટને બદલે વહીવટી તંત્રને સત્તા આપવા સામે વકીલોએ ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું

નડિયાદ બાર એસોસિએશન દ્વારા ગુજરાત રેન્ટ બિલની હોળી કરાઈ

જૂના ભાડૂતોના રક્ષણ અને રોજગારી પર અસરની દહેશત

(પ્રતિનિધિ) નડિયાદ તા.૬

નડિયાદ ડીસ્ટ્રિક્ટ કોર્ટ સંકુલ બહાર નડિયાદ બાર એસોસિએશનના વકીલોએ 'ગુજરાત રેન્ટ બિલ 2026' ની નકલ સળગાવીને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. નવા બિલમાં મકાનમાલિક અને ભાડૂત વચ્ચેના વિવાદોના નિકાલની સત્તા સિવિલ કોર્ટના બદલે રેન્ટ ઓથોરિટી અથવા વહીવટી અધિકારીઓને આપવાના નિર્ણય સામે વકીલોએ ભારે નારાજગી દર્શાવી છે.



નડિયાદ બાર એસોસિએશનના જણાવ્યાનુસાર, વર્ષોથી રહેતા કે વેપાર કરતા જૂના ભાડૂતોને અગાઉના કાયદા હેઠળ મળતું વિશિષ્ટ રક્ષણ જોખમાવાની અને મિલકત ખાલી કરવી પડે તેવું જોખમ ઊભું થવાની ભીતિ છે. અદાલતોમાં ચાલી રહેલા જૂના ભાડાના કેસો, સ્ટાન્ડર્ડ રેન્ટ, મિલકત ખાલી કરાવવાના નિયમો અને અપીલ પ્રક્રિયા અંગે સ્પષ્ટ જોગવાઈ સાથે રેન્ટ કોર્ટ અથવા ટ્રિબ્યુનલની રચના કરવાની માંગ ઉઠાવાઈ છે. રેન્ટ ઓથોરિટીને વધુ સત્તા મળવાથી આવા કેસોમાં વકીલોની ભૂમિકા મર્યાદિત થઈ જશે અને તેમની રોજગારી પર સીધી વિપરીત અસર પડશે. આ વિરોધ વચ્ચે વકીલોએ બિલની કેટલીક બાબતોને હકારાત્મક ગણાવી છે, જેમાં લેખિત ભાડા કરારની નોંધણી ફરજિયાત બનાવવી, રહેણાંક મિલકતો માટે સિક્યોરિટી ડિપોઝિટની મર્યાદા નક્કી કરવી અને મકાનમાલિક દ્વારા વીજળી કે પાણી જેવી આવશ્યક સેવાઓ મનસ્વી રીતે બંધ કરવા પર પ્રતિબંધ મૂકવાનો સમાવેશ થાય છે. જોકે, કાયદાનો અમલ કરતા પહેલાં પેન્ડિંગ કેસોના હિતોનું યોગ્ય સંતુલન જળવાય અને જોગવાઈ પર પુનઃવિચારણા થાય તેવી માંગ કરવામાં આવી છે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

આણંદના નાવલી સ્થિત એનસીસી કેમ્પ ખાતે ફાયર સેફ્ટી તાલીમ યોજાઈ

આણંદ | કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા નાવલી સ્થિત એનસીસી કેમ્પમાં ફાયર સેફ્ટી અવેરનેસ ટ્રેનિંગનું આયોજન કરાયું હતું. ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચના હેઠળ સબ ફાયર ઓફિસર અબ્દુલ ભાઈ ભાથાણીયા અને ટીમ દ્વારા તાલીમ પૂરી પાડવામાં આવી હતી. આ તાલીમ કેમ્પમાં કુલ 310 વિદ્યાર્થીઓ અને 2 ટ્રેનિંગ ઇન્સ્ટ્રક્ટરોને આગ સામે રક્ષણ મેળવવાની પ્રાથમિક સમજ અપાઈ હતી. આ કાર્યક્રમ દરમિયાન આગ બુઝાવવાની વિવિધ રીતો તથા અગ્નિશામક યંત્રના ઉપયોગનું લાઈવ ડેમોસ્ટ્રેશન યોજાયું હતું.



લુણાવાડા 'વિકસિત ભારત ૨૦૪૭' થીમ પર અનાજની અનોખી રંગોળી બનાવાઈ

લુણાવાડા | મહીસાગર જિલ્લામાં 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત શિક્ષણ વિભાગના શિક્ષકો દ્વારા લુણાવાડા કલેક્ટર કચેરી ખાતે અનાજ અને પ્રાકૃતિક વસ્તુઓમાંથી 'વિકસિત ભારત ૨૦૪૭' થીમ પર સુંદર રંગોળી તૈયાર કરવામાં આવી છે. આ અનોખી રંગોળીની કલેક્ટર અર્પિત સાગર અને જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થે રૂબરૂ મુલાકાત લઈ શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા. રંગોળીમાં ઉપયોગમાં લેવાયેલા અનાજનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પક્ષીઓની ચણ તરીકે સદ્‌ઉપયોગ કરાશે. આ જ અભિગમ સાથે મહીસાગર જિલ્લાના તમામ તાલુકા મથકોની પ્રાંત તથા મામલતદાર કચેરીઓ ખાતે પણ શિક્ષકો દ્વારા આવી જ પ્રાકૃતિક રંગોળીઓ બનાવવામાં આવશે.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

માણેજ સરકારી હાઈસ્કૂલમાં બીઓઆઈ દ્વારા 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વૃક્ષારોપણ કરાયું

પેટલાદ | સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત બેંક ઓફ ઇન્ડિયા (ધર્મજ શાખા) તથા સરકારી હાઈસ્કૂલ, માણેજ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ સમારોહ બેન્ક ઓફ ઇન્ડિયાના ધર્મજ શાખાના બ્રાંચ મેનેજર તરંગ મકવાણાના મુખ્ય મહેમાનપદે અને આચાર્ય કેતનભાઈ શાહની અધ્યક્ષતામાં યોજાયો હતો, જેમાં વડોદરા ઝોનલ ઓફિસના કિશોર સોનાર વિશેષ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન મહાનુભાવો, હાઈસ્કૂલ પરિવાર અને ગ્રામજનોએ સાથે મળીને શાળાના પટાંગણમાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ બચાવવાનો સંકલ્પ લીધો હતો. આ પ્રસંગે અધિકારીઓએ અભિયાનનો હેતુ તથા જનભાગીદારીનું મહત્વ સ્પષ્ટ કર્યું હતું, જ્યારે કાર્યક્રમનું સંચાલન વિજયભાઈ મહેરાએ કર્યું હતું.



આણંદ બસ સ્ટેન્ડ ખાતે મનપા અને 'સીટુસી' ફાઉન્ડેશન' દ્વારા સ્વચ્છતા અભિયાન યોજાયું

આણંદ | 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૬' અભિયાન અંતર્ગત કરમસદ-આણંદ મનપાના સેનિટેશન વિભાગ અને 'સીટુસી ફાઉન્ડેશન' દ્વારા આણંદ નવા બસ સ્ટેશન ખાતે સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. એસટી વિભાગના નિયામક સી. ડી. મહાજન, ડેપો મેનેજર કે. એમ. શ્રીમાળી તથા ડેપોના કર્મચારીઓએ સ્વચ્છતા પ્રત્યે કટિબદ્ધતા દર્શાવીને સક્રિય રીતે શ્રમદાન કર્યું હતું. આ આયોજનમાં ઉપસ્થિત બસ સ્ટેશનના કર્મચારીઓ અને યાત્રિકોએ એસટી ડેપો પરિસર તેમજ બસોને સ્વચ્છ રાખવાના સંકલ્પ સાથે પ્રતિજ્ઞા લીધી હતી. પ્લાસ્ટિક મુક્ત ભારત અભિયાન અંતર્ગત 'સીટુસી ફાઉન્ડેશન' દ્વારા મુસાફરોને કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.



નડિયાદમાં ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ



નડિયાદ | ભારત વિકાસ પરિષદ નડિયાદ દ્વારા ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી હોલ ખાતે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાઈ હતી, જેમાં ૧૧ શાળાઓની ટીમોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે વિભાગીય મંત્રી કુમુદ ગોર, મુખ્ય મહેમાન બિપીનભાઈ પટેલ (ટ્રસ્ટી, નિરાંત ટ્રસ્ટ), પ્રમુખ અમિત સોની, સચિવ તેજલભાઈ પંડ્યા, નિર્ણાયક વિવેક બ્રહ્મભટ્ટ તથા મહિલા સંયોજિકા કૃતિબેન પટેલ અને સહ સંયોજિકા છાયાબેન પંડ્યાના હસ્તે દીપ પ્રાગટ્ય કરાયું હતું. આ પ્રસંગે મહાનુભાવો દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરી સ્પર્ધકોમાં રાષ્ટ્રભાવના ઉજાગર કરાઈ હતી.

ખંભોળજની પ્રાથમિક કુમાર શાળા ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમ સંપન્ન કરાયો

આણંદ | ખંભોળજ ગામે આવેલી પ્રાથમિક કુમાર શાળા ખાતે 'સેવા સેતુ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સીધો જ નાગરિકોને ઘરઆંગણે મળે અને જાગૃતિ આવે તેવા મુખ્ય હેતુ સાથે આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ અશોકભાઈ ઠાકોર, મામલતદાર વિજયરાજસિંહ ગોહિલ તથા તાલુકા વિકાસ અધિકારી ધવલકુમાર પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી વહીવટી પ્રક્રિયાઓનો લાભ લીધો અને માર્ગદર્શન મેળવ્યું હતું.



આણંદના કસ્તુરબા કન્યા વિદ્યાલયની ૩૪૧ વિદ્યાર્થીનીઓએ 'રંગોત્સવ' સ્પર્ધામાં કલાનું પ્રદર્શન કર્યું



આણંદ | ગુજરાત સરકાર દ્વારા આયોજિત 'રંગોત્સવ' અંતર્ગત ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલયની ૩૪૧ દીકરીઓએ રંગપૂરણી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીનીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા અને સશક્ત મંચ પૂરું પાડવાના હેતુથી યોજાયેલી આ સ્પર્ધામાં કન્યાઓએ પોતાની સર્જનાત્મક કલાનું અદ્ભુત પ્રદર્શન કર્યું હતું. આ સફળ આયોજનને સોસાયટીના મંત્રી કેતનભાઈ, કેમ્પસ ડાયરેક્ટર મહેશદાદા, પ્રિન્સિપાલ નિરાલી મેડમ, સુપરવાઇઝર નીલાબેન અને ચિત્ર શિક્ષિકા તૃપ્તિબેને ખૂબ બિરદાવ્યું હતું.

આણંદ કૃષિ યુનિ. ખાતે પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રોના લોકાર્પણનું જીવંત પ્રસારણ યોજાયું

આણંદ | પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા અને નાગરિકોને ખેતપેદાશો સરળતાથી ઉપલબ્ધ કરાવવાના હેતુથી આણંદ કૃષિ યુનિવર્સિટીના 'આઇડીયા' ખાતે વેચાણ કેન્દ્રોના લોકાર્પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ યોજાયું હતું. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કૃષિ મંત્રી જીતુભાઈના હસ્તે વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ તથા બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ્સ લાભાર્થીઓનું સન્માન કરાયું હતું. કૃષિ ક્ષેત્રે ટેકનોલોજીના સમન્વય અર્થે કાર્યક્રમ દરમિયાન ખેતી નિયામક અને SAC-ISRO વચ્ચે એમઓયુ (MoU) પણ કરવામાં આવ્યા હતા. આણંદ ખાતેના આ પ્રસારણ કાર્યક્રમમાં ધારાસભ્ય યોગેશ આર. પટેલ અને કુલપતિ ડો. એમ. પી. પટેલ સહિત જિલ્લાના ૧૦૧ પ્રાકૃતિક ખેડૂતો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.



કપડવંજ તાલુકામાં મહમદપુરા ગ્રામ પંચાયત 'સ્વચ્છતા હી સેવા-2025'માં પ્રથમ ક્રમે રહી



કપડવંજ | 'સ્વચ્છતા હી સેવા-2025' અભિયાન અંતર્ગત શ્રેષ્ઠ સ્વચ્છતા કામગીરી અને આયોજન બદલ મહમદપુરા ગ્રામ પંચાયતને કપડવંજ તાલુકામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત થયો છે. ગામમાં સ્વચ્છતા અને જનજાગૃતિની ઉત્તમ કામગીરી બદલ તાલુકા પંચાયત કપડવંજ તરફથી ગ્રામ પંચાયતને 'શ્રેષ્ઠ સ્વચ્છતા કાર્ય અને આયોજન'નું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સરપંચ સૂર્યાબેન વિષ્ણુભાઈ સોલંકીને ડો. મિનેષ પ્રજાપતિ તથા તલાટી વિશાલભાઈના હસ્તે આ પ્રમાણપત્ર અર્પણ કરાયું હતું.

કપડવંજની સી. એન. વિદ્યાલયમાં બંધારણનું મહત્વ સમજાવતો વિશેષ કાર્યક્રમ યોજાયો

કપડવંજ | સી. એન. વિદ્યાલય ખાતે શિક્ષક એચ. એચ. પરમારના નિવૃત્તિ વિદાય પ્રસંગે સંવિધાન કારકિર્દી એકેડમીના ડિરેક્ટર ડો. વિકલ્પ કોટવાલનું જ્ઞાનસભર વક્તવ્ય યોજાયું હતું. ડો. કોટવાળે ભારત દેશના બંધારણ અને તેના આમુખનું મહત્વ સમજાવી વિદ્યાર્થીઓને બંધારણ મુજબ આચરણ કરવા તથા તેનું રક્ષણ કરવાના શપથ લેવડાવ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને બાબાસાહેબ આંબેડકર વિષયક પુસ્તિકા ભેટ આપી શાળાની વિદ્યાર્થી કલ્યાણ યોજનામાં રૂ. ૨૦ હજારનું દાન અર્પણ કર્યું હતું. આ કાર્યક્રમના અંતે પ્રિન્સિપાલ જે. જી. પટેલે વક્તા ડો. વિકલ્પ કોટવાલનું સન્માન કરી આયોજન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.



કપડવંજ રત્ન આચાર્ય હર્ષ સાગરજી સૂરીશ્વરજી મહારાજ સાહેબની ગુણવાદ સભા યોજાઈ

કપડવંજ | અમદાવાદ ખાતે કપડવંજ રત્ન આચાર્ય હર્ષ સાગરજી સૂરીશ્વરજી મહારાજ સાહેબની ત્રીજી પુણ્યતિથિ નિમિત્તે ગુણવાદ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય આચાર્ય શ્રી હર્ષ સાગરજી સૂરીશ્વરજી મહારાજ સાહેબની યાદમાં વિશેષ ગુણવાદ સભા યોજાઈ હતી. આ ધાર્મિક પ્રસંગે જૈન સંઘના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અમદાવાદ ખાતે યોજાયેલ આ ગુણવાદ સભામાં સમગ્ર જૈન સંઘે મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

